## તંત્રી સ્થાનેથી......

૫ જૂન એટલે વિશ્વ પર્યાવરણ દિવસ. આ પ્રસંગને અનુલક્ષીને મોરબી જિલ્લાના વવાણીયા ગામે પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આપણે સૌ એ વાતથી જરા પણ અજાણ નથી કે વૃક્ષોએ પર્યાવરણ માટે કેટલા ઉપયોગી છે. તેના મહતવને ધ્યાનમાં રાખીને જ તેને પર્યાવરણનાં ફેફસા કહેવામાં આવે છે. જે વાતાવરણમાંનો કાર્બન ડાયોકસાઈડ શોષી અને આપણે સૌને ઑક્સિજન આપે છે. પર્યાવરણ દિવસની આ ઉજવણીના પ્રસંગે વવાણિયા ગામની શાળામાં ભણતી એક બાળા હીર ભોજાણી વૃક્ષને 'લીલું સોનુ' ગણાવતા કહે છે "કોરાનાકાળે આપણને એ સમજાવી દિધું છે કે, વૃક્ષએ આપણા માટે કેટલું મહત્વ ધરાવે છે. વૃક્ષએ પર્યાવરણનાં ફેફસા છે, જ્યાં હવા શુદ્ધ થાય છે. એક વૃક્ષ હજારો ટન ઑક્સીજનનું ઉત્પાદન કરે છે જેથી આપણે વૃક્ષનું મહત્વ સમજવું જોઈએ અને વધુમાં વધુ વૃક્ષારોપણ કરવું જોઈએ. સ્વસ્થ અને નીરોગી જીવન જીવવા માટે કુદરતે આપણને જે અમુલ્ય ભેટ આપી છે તેનું આપણે સૌએ સંરક્ષાણ કરવું જોઈએ કારણ કે વૃક્ષ એ લીલું સોનુ છે." નાની બાળ હીર ચૌહાણની આ વાત આપણને ઘણુ બધું શિકવી જાય છે. આપણે પણ કોઈપણ વૃક્ષ કાપતા પહેલા તેના અનેક લાભ અને મહત્વને એકવાર વિચારવું જોઈએ. જો કોઈ વૃક્ષ કાપવું એટલું જ જરૂરી હોય તો તે વૃક્ષાને સાવ નષ્ટ કરવાના બદલે અન્ય જમીનમાં સ્થળાંતરીત કરવું જોઈએ તથા એક કરતા વધારે વૃક્ષો વાવી તેનો ઉછેર અને જતન કરવું જોઈએ.

# ગ્લોબલ વોર્મિંગમાં દુનિયાનું દિશાદર્શન કરતાં ભારતના વડાપ્રધાનશ્રીએ ઉજ્જવલા યોજના અને સ્વચ્છતા અભિયાન જેવા પાયાના અભિયાનો યોજ્યા- સાંસદશ્રી ડો. કે.સી.પટેલ

**પ્રાકૃતિક ડાંગ અને મિલેટ ઈયર જેવા મુદ્દે ખુબ જ વિચારશીલ કાર્યક્રમો પ્રજાજનોની સ્વસ્થ જીવનશૈલી માટે જરૂરી છે – પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવીત.**



### વઘઇ ખાતે યોજાયેલા ડાંગ જિલ્લાના વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવણી કાર્યક્રમમાં મહાનુભાવોએ આપ્યું ચિંતનિય વક્તવ્ય

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

ડેન્માર્ક (કોપનહેગન) માં મળેલી ગ્લોબલ વોર્મિંગની સમિટમાં દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૂચવેલા પગલાઓ ઉપર આખી દુનિયા અમલ કરી રહી છે. ત્યારે વડાપ્રધાનશ્રીની દીઘર્દ્રષ્ટિએ દેશને સ્વચ્છતા અભિયાનની પણ ભેટ આપી છે. તેમ સાંસદશ્રી ડો.કે.સી.પટેલે જણાવ્યુ હતું. પોતાના અધ્યક્ષીય વક્તવ્યમાં બોલતા ડો.પટેલે પર્યાવરણ જાળવણી માટે ઉજ્જવલા ગેસ યોજના જેવી યોજનાને કારણે વનો ઉપરનું ભારણ ઘટ્યું છે તેમ જણાવ્યુ હતું. ડાંગના કિંમતી વનો અને પર્યાવરણ તથા કુદરતી સ્ત્રોતોનું જતન-સંવર્ધન કરવાની હાંકલ પણ તેમણે આ વેળા કરી હતી. રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણ થકી ડાંગના પ્રજાજનો ખૂબ સુખસમૃદ્ધિ પામે તેવા આશીર્વચન પણ સાંસદશ્રી કે.સી.પટેલે વિશ્વ પર્યાવરણ દિન ઉજવણી વેળા આપ્યા હતા. પર્યાવરણનું માહાત્મ્ય વિશ્વ આખાયે સ્વીકાર્યું છે ત્યારે તેને બચાવવાની આપણી સૌની સહિયારી જવાબદારી છે તેમ જણાવતા ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિતે, બદલાતા પર્યાવરણની સારી માઠી અસર માનવ જીવન સહિત સમગ્ર પ્રકૃતિ ઉપર પડે છે. ત્યારે ગ્લોબલ વોર્મિંગની સમસ્યાને દરેકે ગંભીરતાથી લેવી જોઈએ તેમ કહ્યું હતું. પોતાના મનનીય વક્તવ્યમાં બોલતા શ્રી મંગળભાઈ ગાવિતે પ્લાસ્ટિક જેવા પદાર્થો પર્યાવરણ સહિત માનવ અને પશુ-પક્ષીઓ માટે પણ ઘાતક સાબિત થઈ રહ્યા છે તેમ જણાવ્યુ હતું. 'મિશન લાઈફ' નો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં પ્રમુખશ્રીએ સ્વસ્થ જીવનશૈલી માટે પર્યાવરણ જતન-સંવર્ધન ખૂબ જરૂરી છે. કોરોના મહામારીએ પર્યાવરણનું મહત્વ સમજાવ્યું છે. ત્યારે વનાચ્છાદિત ડાંગ જિલ્લામાં કોરોનાના બે બે ફેઝ દરમિયાન અનુભવાયેલી બાબતોને લક્ષામાં લઈ, વનો અને વૃક્ષોનું મહત્વ સમજવું પડશે, તેમ પણ ઉમેર્યું હતું. શ્રી મંગળભાઈ ગાવિતે ડાંગના વન પર્યાવરણને જાળવવા માટે અહી કોઈ ઉધોગગૃહો નહીં સ્થાપીને, ગૃહ ઉધોગોને વધુ પ્રોત્સાહન આપવાની સરકારની નીતિ રહી છે. ત્યારે પ્રાકૃતિક જિલ્લાનું બહુમાન પ્રાપ્ત કરેલા ડાંગ જિલ્લાને શુદ્ધ હવા, પાણી, ખોરાક મળી રહે તેની જવાબદારી અહીના ખેડૂતોની છે તેમ પણ વધુમાં ઉમેર્યું હતું. સ્થાનિક બરછટ અનાજને શ્રીઅન્ન તરીકે જાહેર કરીને વડાપ્રધાનશ્રીએ ' મિલેટ ઈયરની ઉજવણીને સાર્થક કરી છે, તેમ જણાવતા પ્રમુખશ્રીએ સૌને પર્યાવરણ જાળવણીની હાંકલ કરી હતી.નાયબ વન સંરક્ષક શ્રી રવિ પ્રસાદે ઉપસ્થિત રહેલા પ્રજાજનોને પર્યાવરણના કાર્યક્રમમાં ભાગીદારી બદલ અભિનંદન પાઠવ્યા હતા. વન જતન અને સંવર્ધન જેવા વિષયે સતત જાગૃતિ જરૂરી છે. ત્યારે 'મિશન લાઈફ' જેવા કાર્યક્રમો પ્રજાજનોમાં સતત જાગૃતિ લાવવામાં અગત્યની ભૂમિકા ભજવશે તેમ તેમણે જણાવ્યુ હતું. પ્લાસ્ટિકનો ઉપયોગ માનવ જીવન માટે કેટલો જોખમી છે તેની પણ શ્રી પ્રસાદે આ વેળા વિસ્તૃત જાણકારી આપી હતી. પ્રાસંગિક વક્તવ્ય રજૂ કરતાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડો. જિગ્નેશ ડોબરિયાએ પર્યાવરણના જતન, સંવર્ધન માટે સતત પ્રયત્નશીલ ડાંગ જિલ્લાને વધુ વૃક્ષો વાવી ખૂબસુરત બનાવવાની હિમાયત કરી હતી. પ્રાકૃતિક ખેતીને વરેલા ડાંગ જિલ્લાની પ્રાકૃતિક સુંદરતાને વધુ સુદ્રઢ બનાવવાની પણ ડો. ડોબરીયાએ આ વેળા અપીલ કરી હતી. 'મિશન લાઈફ' અંતર્ગત આયોજિત વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કાર્યક્રમ દરમિયાન બોટાનીકલ ગાર્ડનના મદદનીશ વન સંરક્ષક શ્રી નિલેશ પંડ્યાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. કાર્યક્રમના અંતે મદદનીશ વન સંરક્ષક શ્રીમતી આરતી ભાભોરે આભાર વિધિ આટોપી હતી. કાર્યક્રમના ભાગરૂપે મહાનુભાવોએ રાજયકક્ષાના કાર્યક્રમનુ જીવંત પ્રસારણ નિહાળી, પર્યાવરણ જાળવણીના શપથ પણ ગ્રહણ કર્યા હતા. કે.વી.કે ના વૈજ્ઞાનિક ડો. હર્ષદ પ્રજાપતિએ કાર્યક્રમનુસંચાલન કર્યું હતું. કાર્યક્રમ બાદ મહાનુભાવો એ વૃક્ષારોપણ પણ કર્યુ હતું. વઘઇ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ઓડીટોરીયમ ખાતે આયોજિત વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવણી કાર્યક્રમમાંજિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલ, વન સરક્ષક શ્રી દિનેશ રબારી, નાયબ પોલિશ અધિક્ષાક શ્રી સુનિલ પાટિલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.વઘઈ પરિસરીય પ્રવાસન વિકાસ સહકારી મંડળી લી. ના પ્રમુખ શ્રી બીપીનભાઈ રાજપૂત તથા બોટાનીકલ ગાર્ડન અને વઘઈ વન વિભાગના અધિકારીઓ, વનકર્મીઓએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ડીસા ઇન્ટરનેશનલ લોહાણા મહીલા મંડળ દ્વારા પ્રવાસ યોજાયો



કમલમ્ ન્યુઝ,આનંદ ઠકકર ડીસા

ડીસા ની જાણીતી સંસ્થા ઈન્ટરનેશનલ લોહાણા મહીલા મંડળ સેવાકીય કાર્ય માં અગ્રેસર છે તાજેતર માં તેઓએ વૃદ્ધાશ્રમ સેલટર હોમ અને સલ્મ વિસ્તાર માં ચપ્પલ કેરીનો રસ અને ભોજન આપ્યું હતું અને હાલ એક દિવસીય પ્રવાસ ડીસા થી થરા જલારામ મંદિર મોમાઈ મોરા વ્રજવાણી અને કબરાઉ મોગલધામ ના પ્રવાસ નું આયોજન કર્યું તેમાં બે લક્ઝરી બસ દ્વારા આ પ્રવાસ નું આયોજન કરી સર્વે ને ત્યાં દર્શન કરાવ્યા તેમજ વિવિદ્ય સ્થળો પર જઈ આનંદ માણયો ડીસા થી થરા જલારામ મંદિર ના ટ્રસ્ટી ઓ દ્વાર ઈન્ટરનેશનલ મહીલા મંડળ નું સન્માન કરવામાં આવ્યું આ કાર્યક્રમ બનાસકાંઠા જિલ્લા ના પ્રમુખ આનંદ ભાઈ ઠકકર ની દેખરેખ હેઠળ કરવામાં આવ્યો આ પ્રવાસ દરમ્યાન દિલીપભાઈ રતાણી ડો જગદીશભાઈ હિતેશ સોનપાલ અમરતભાઈ પઢીયારે યશ ઠકકર સફળ બનાવવા સહકાર આપ્યો હતોઈન્ટરનેશલ મહીલા મંડળ ના પૂજાબેન બીનાબેન રિપલ ઠકકર સરોજબેન ઠકકર દ્વારા આવેલ પ્રવાસી ઓનું ધ્યાન રખાયું હતું ઈન્ટરનેશનલ મહીલા મંડળ દ્વારા નાસ્તો અને ભોજન ની સરસ વ્યવસ્થા કરાઈ હતી.

# મોચી એકતા ચેરિટેબલ ટ્રસ્ટ , વડોદરા દ્વારા આયોજીત વિનામૂલ્ય ફુલસ્કેપ ચોપડા વિતરણ



કમલમ્ ન્યુઝ,

મોચી એકતાચેરિટેબલ ટ્રસ્ટ , વડોદરા દ્વારા આયોજીત વિનામૂલ્ય ફુલસ્કેપ ચોપડા વિતરણ માં ચાલુ વર્ષે સમસ્ત મોચી સમાજ ના વિધાર્થીઓ તરફથી ખુબ જ સારો પ્રતિસાદ મળ્યો છે જેમાં વડોદરા જીલ્લામાં અલગઅલગ તાલુકા,વિસ્તારમાં ૧૪ કેન્દ્ર પરથી જરૂરિયાતમંદ આશરે ૧૨૦૦ વિધાર્થીઓએ કેન્દ્ર પર જઈને ૯૨૧૦ વિનામૂલ્ય ફુલસ્કેપ ચોપડા મેળવ્યા હતા.અમારો આ નાનકડો પ્રયાસ આપણાં સમાજ ના વિધાર્થીઓને થોડે અંશે અભ્યાસમાં મદદરૂપ થઈએ છીએ એનો અમોને ખુબ જ આનંદ છે. જીવનમાં ભણતરનું મહત્વ સર્વોપરિ છે. ભણેલા વ્યક્તિને એના જીવનમાં માન- સન્માન, રૂપિયા – પૈસા, બધુજ મળે છે. ભણતર થી સારી જીવનશૈલી, સર્વોત્તમ જીવન ધોરણ, વ્યવસાયિક સફળતા અને સંપત્તિ પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબ અને સમાજ નુ ના રોશન કરે

# ભરૂચ તથા નર્મદા જીલ્લાનાં ખેડૂતોની જીવાદોરી સમાન



કમલમ્ ન્યુઝ,શૈશવ રાવ

સહકારી સંસ્થા ધારીખેડા ખાતે આવેલ નર્મદા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી દ્વારા ત્રણ મહત્વનાં પ્રોજેકટનું લોકાર્પણ ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ તથા મંત્રી,સાંસદ, ધારાસભ્યની ઉપસ્થિતિમાં થનાર હતું.પણ ગઈકાલે ઓડીસા ના બાલાસોર ખાતે રેલવે દુર્ઘટનામાં ૨૮૮ થી વધુ ના મૃત્યુ થયા છે અને લગભગ ૯૦૦ જેટલા લોકો ઘાયલ થયા હતા જેને કારણે નર્મદા સુગર ખાતે ભૂમિપૂજન અને લોકાર્પણ નો કાર્યક્રમ મૃતકો ને શ્રદ્ધાંજલિ આપી ને મોકુફ રાખવામાં આવ્યો હતો. જોકે પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ,રાજયકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્મા અને નાણાં મંત્રી કનુભાઈ પટેલ રેલ દુર્ઘટના ના કારણે ભાજપ ના દરેક કાર્યક્રમ રદ કરવામાં આવ્યા હતી જેને કારણે આ લોકો હાજર રહ્યા નોહતા. જોકે આ કાર્યક્રમ માં સાંસદ મનસુખ વસાવા,ભરૂચ અને નર્મદા જિલ્લાના ધારાસભ્યો,નર્મદા સુગર ના ચેરમેન ઘનશ્યામ પટેલ,કસ્ટોડીયન કમિટી ના લોકો પણ હાજર રહ્યા હતા.બે મિનિટ નું મૌન પાડી ને કાર્યક્રમ ને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

# નવસારી જલાલપોર તાલુકાના કનીચેટ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ

**કાંઠા વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે ચેરનું જતન ખુબ જ આવશ્યક :-રાજયમંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતિ**



કમલમ્ ન્યુઝ,નવસારી

નવસારી જિલ્લાના જલાલોપર તાલુકાના કનીયેટ ગામે જિલ્લાકક્ષાના વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામવિકાસ રાજયમંત્રી શ્રી કુંવરજીભાઇ હળપતિના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે રાજયમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, કાંઠા વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે ચેરનું જતન ખુબ જ આવશ્યક છે. ચેરના વૃક્ષોના વાવેતર થકી સુનામી ચક્રવાત દરિયાઈ ધોવાણ સામે કાંઠા વિસ્તારને રક્ષણ મળશે. ચેર દુનિયાના સૌથી મહત્વના કાર્બન સીંક પૈકીનું એક છે જેથી ગ્લોબલ વોર્મિંગ ઘટાડવામાં અગત્યનું પરિબળ છે.મંત્રીશ્રીએ વધુમાં કહ્યુ હતું કે, ભારતીય સંસ્કૃતિએ સમષ્ટિના કલ્યાણ અને સૃષ્ટિના તમામ જીવો, વ્યવસ્થાનો વિચાર કરીને જીવન પધ્ધતિ વિકસાવી છે. આપણી સંસ્કૃતિમાં ધરતીને માતા, નદીને લોકમાતા, દરિયાને દેવ તરીકે પૂજીને વહેવારો-તહેવારોને પર્યાવરણ સાથે જોડીને ઉજવવાની પરંપરાથી બેલેન્સ જળવાયું છે. મંત્રીશ્રીએ વિશ્વ પર્યાવરણ દિવસે સૌના સહિયારા સંકલ્પથી ગુજરાતને પ્રદૂષણમુકત હેલ્ધી ગુજરાત બનાવવાનું પ્રેરક આહવાન પણ કર્યુ હતું. પ્લાસ્ટિક પર પ્રતિબંધ માત્ર પ્લાસ્ટિક પ્રદૂષણ અટકાવવાનો ઉપાય નથી પણ આપણે જાતે જ તેનો ઉપયોગ સમજીને મર્યાદામાં કરવો પડશે. જિલ્લા કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પલતાએ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતું તેમજ પર્યાવરણ બચાવ ઉપર દસ્તાવેજી ફિલ્મ રજૂ કરવામાં આવી હતી.આ અવસરે વલસાડ ઉત્તર વન વિભાગના નાયબ વન સંરક્ષકશ્રી નિશા રાજે શાબ્દિક સ્વાગત કર્યુ હતું અને નાયબ વન સંરક્ષક (સામાજીક વનીકરણ) નવસારી શ્રી ભાવના દેસાઈએ આભારદર્શન કર્યુ હતું. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી શ્રી રાજેશ્રી ટંડેલ, સરપંચશ્રી અનુપ ટંડેલ સહિતના પદાધિકારીશ્રીઓ/અધિકારીશ્રીઓ તેમજ મોટીસંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તાપી જિલ્લા કક્ષાનો વિશ્વ પર્યાવરણ દિન ઉજવાયો

**તાપી જિલ્લામાં "દિપડા અને તૃણભક્ષી/નાના સસ્તન પ્રાણીઓની વસ્તી ગણતરી મે-૨૦૨૩" મા વિશેષ યોગદાન આપનાર નાગરિકોને પ્રશસ્તી પત્ર એનાયત કરાયા**



**જંગલો પરોકારી છે, આપણાપણાનો ભાવ રાખી જંગલોને બચાવીશું તો જ પરિવર્તન શક્ય છે - નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઇ પટેલ**

કમલમ્ ન્યુઝ,રાકેશ વાળા

તાપી જિલ્લાના સોનગઢ સ્થિત સરકારી વિજ્ઞાન કોલેજ, ખાતે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને, તથા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી સુરજ વસાવા સહિત વિવિધ મહાનુભાવોની ઉપસ્થિતીમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈએ જણાવ્યુ હતું કે, પર્યાવરણનું જતન કરવું આપણા સૌની જવાબદારી છે. આજે ઋતુંચક્રમાં આવેલા બદલાવ માટે ક્યાંક ને કયાંક આપણે પણ જવાબદાર છીએ. તાપી જિલ્લામાં વન વિભાગ દ્વારા અનેક સરાહનીય પ્રવૃતિઓ કરવામાં આવે છે. આંબાપાણી ઈકો ટુરીઝમ જેવી જગ્યાઓના કારણે સ્થાનિક નાગરિકોને રોજગારીની તકો મળી છે. સખી મંડળ અને વન મંડળી, વન સમિતીઓને નાની મોટી પ્રવૃતિઓમાં સહભાગી બનાવી વનના માધ્યમથી રોજગારી પુરી પાડવામાં આવી રહી છે. મુખ્ય દંડકશ્રીએ સૌ નાગરિકોને આપણાપણાનો ભાવ રાખી જંગલોને બચાવીએ તો જ પરિવર્તન શક્ય છે. જંગલો પરોકારી છે તેથી તેનું જતન કરવું આપણી નૈતિક ફરજ છે. જન્મથી લઈ મૃત્યુ સુધી જંગલો ઉપયોગમાં આવે છે. વન વગર જીવન શક્ય નથી ત્યારે પર્યાવરણ અનુસાર આપણું જીવન બનાવવું પડશે તેવી અપીલ કરી હતી. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્યમાં સાંસ્કૃતિક વન નિર્માણનો પ્રારંભ થયો હતો. જે આજે સમગ્ર દેશ માટે પ્રવાસન અને પર્યાવરણની દ્રષ્ટીએ ઉદાહરણ રૂપ બન્યા છે. તેમણે તાપી જિલ્લામાં વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ કુલ-૧૧૯૪૭ દાવાઓ મળેલ છે. જે પૈકી ૮૨૯૧ વ્યકિતગત દાવાઓ જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા મંજુર કરી ૮૭૮૮.૪૧૩૫ હેકટર જંગલની જમીનની ફાળવણી કરવામાં આવેલ છે, એમ જણાવી સૌને અભિનંદન પાઠવ્યા હતા. ધારાસભ્યશ્રી ડૉ.જયરામભાઈ ગામીતે આ પ્રસંગે જણાવ્યું હતું કે, આપણને કુદરતે અન્ય જીવો કરતા વિશેષ આપ્યું છે, ત્યારે મનુષ્ય તરીકે પર્યાવરણની જાણવણી કરવાની વિષેશ જવાબદારી આપણી બની રહે છે. તેમણે રોડ રસ્તા, ઘરની આસપાસ તથા પોતાન જન્મ દિન, કે કોઈ પણ ખાસ પ્રસંગે વૃક્ષોનું વાવેતર કરવા અને તેનું જતન કરવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. ધારાસભ્ય શ્રી મોહનભાઈ કોંકણી એ પ્રાસંગિક સંબોધન કરતા જણાવ્યું હતું કે, આપણે સૌ પ્રકૃતિ સાથે જોડાયેલા છીએ. આજે પર્યાવરણ દુષિત થવાના લીધે પર્યાવરણનું સમતોલન બગડ્યું છે. તેથી આપણા સૌની ફરજ બને છે કે આપણે પર્યાવરણનું જતન કરીએ. તેમણે પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા અને રોજીંદા જીવનમાં કાગળ કે કાપડની થેલીનો ઉપયોગ કરવા પણ અનુરોધ કર્યો હતો. તાપી જિલ્લા વન વિભાગ દ્વારા ખૂબ સારી કામગીરી કરવામાં આવી રહી છે એમ પણ તેમણેસરાહના કરતા કહ્યું હતું. સ્વાગત પ્રવચન કરતા તાપીના નાયબ વન સંરક્ષક શ્રી પુનિત નૈયર એ જણાવ્યું હતું કે, આજથી ૫૦ વર્ષ પહેલા વિશ્વ પર્યાવરણ દિવસની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારથી લઈ આજ દિન સુધી આપણે સૌ ૫મી જુના રોજ "વિશ્વ પર્યાવરણ દિવસ"ની ઉજવણી કરી રહ્યા છે. તેમણે ગુજરાત સરકારના વન કવચ અને ભારત સરકારના મૈંજીઉઁ પ્રોજેકટ વિશે પણ જાણકારી આપી હતી. તાપી જિલ્લા અંગેની માહિતી આપતા તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આગામી ચોમાસા દરમ્યાન ૧૫૯૦ હેકટર જેટલાં વિસ્તારમાં કુલ ૧૩.૧૨ લાખ રોપાનું વાવેતર કરવામાં આવનાર છે. તાપી જિલ્લામાં ૪.૧૫% વન વિસ્તાર છે. તેમણે પર્યાવરણનું જતન કરવા અને પોતે પ્રેરીત થઈ અન્યને પ્રેરિત કરવા ખાસ અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે "દિપડા અને તૃણભક્ષી/નાના સસ્તન પ્રાણીઓની વસ્તી ગણતરી મે-૨૦૨૩" રાજયવ્યાપી વસ્તી અંદાજમાં વન વિભાગ તાપીને ગણતરીમાં મદદરૂપ બની સારી કામગીરી કરવા બદલ શ્રી અલ્પેશ દવે, શ્રી અબ્રાર મુલતાની, શ્રી ઈમ્રાન સુલેમાન વૈદ, શ્રી વિજભાઈ ગામીત, શ્રી વિલેશભાઈ ગામીત, શ્રી રાહુલભાઈ સોનીને મહાનુભાવોના હસ્તે પ્રમાણ પત્ર એનાયત કરી સન્મનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં અંબાજી ખાતેથી મુખ્યમંત્રીશ્રીના રાજયકક્ષાના કાર્યક્રમના જીવંત પ્રસારણમા વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈ સૌ મહાનુભાવો કાર્યક્રમમાં સહભાગી થયા હતા. સોનગઢ ખાતે કાર્યક્રમમાં મલંગદેવ પ્રા.શાળાની બાળાઓ દ્વારા પ્રાર્થના રજુ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અરવિંદભાઈ ગામીતે કર્યુ હતું. જયારે આભાર દર્શન એસીએફ શ્રી લોકેશ ભાર્દવાજ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલકટરશ્રી ડૉ.વિપિન ગર્ગ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વી.એન. શાહ, પ્રાયોજના વહિવટદાર શ્રી રામનિવાસ, સોનગઢ મામલતદાર શ્રી સુધીર બારોટ સહિત વન વિભાગના અધિકારી કર્મચારીઓ, વન સમિતીના સભ્યો અને ગ્રામજનો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા



કમલમ્ ન્યુઝ,રાકેશ વાળા

વિશ્વ પર્યાવરણ દિન ની ઉજવણી લોક વિજ્ઞાન કેન્દ્ર તાપી દ્વારા વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ છાત્રાલયોમાં ૧૧૦ રોપા જેવા કે આસોપાલવ, ગુલમહોર, સરગવો, ગરમાળો જેવા વિવિધ પ્રકારના છોડ ના રોપા નું વિદ્યકુંજ વિદ્યાલય વીરપુર, મુસા મદાવ રોડ પર સરકારી પડતર જમીન માં ૪૦ રોપા નું વૃક્ષા રોપણ ડાયરેકટર કેતન શાહ અને તેની ટીમ દ્વારા કરી તેનાં વિષે વાર્તાલાપ કરી પર્યા વરણ બચાવી શકાય, ગ્લોબલ વોર્મિંગ અટકાવી શકાય, વાતાવરણ બદલાય, જમીન નો સદ ઉપયોગ કરવામાં આવે તો માનવ જીવન વધુ ને વધુ સ્વાસ્થય સંબંધી ફાયદા થાય તે સમજણ આપી વૃક્ષોની માવજત, ફાયદા અને ઉપયોગ ની જાણકારી થી વાકેફ કર્યા,ભવ્ય કુદરતી વારસો જળવાશે.આમ આજે તાપી જિલ્લામાં ખુબ મોટા પ્રમાણમાં જિલ્લા વન વિભાગના અધિકારીઓ તરફથી મફતમાં રોપા મળવાથી અને સહકાર મળવાથી ઠેર ઠેર રોપા વાવેતર કરી તેને ઉછેરવાના સંકલ્પ સાથે પ્રતિજ્ઞા લેવડાવી વિશ્વ પર્યાવરણ દિન ની ઉજવણી કરવામાં આવી. આમાં ભાજપ નેતા રાજુ મોહિતે પણ ઉપસ્થિત રહ્યાં, લોક વિજ્ઞાન કેન્દ્ર નો સ્ટાફ સાથે શાળાનો સ્ટાફ અને પ્રયાવરણ વિદો હાજર રહી ઉજવણીમાં જોડાયા

# વૃક્ષારોપણ, ગોષ્ઠી કાર્યક્રમ, સામુહિક યોગ, સાયકલ રેલી, જ્ઞાનવર્ધક સ્પર્ધાઓ સહિતની પ્રવૃત્તિઓ યોજાઈ

## અમદાવાદમાં મિશન લાઈફ અને નેહરુ યુવા કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે ૧૮ મેથી ૫ જુન દરમિયાન પર્યાવરણ જાગૃતિ માટે વિવિધ પ્રયાસો




કમલમ્ ન્યુઝ, વિશ્વ સાયકલ દિવસ-૨૦૨૩ અને મિશન લાઈફ કાર્યક્રમના ભાગ સ્વરૂપે નેહરુ યુવા કેન્દ્ર, અમદાવાદ તથા યુવા કાર્યક્રમ અને રમત-ગમત મંત્રાલય, ભારત સરકાર દ્વારા જીલ્લા અને તાલુકા સ્તરે સતત ૧૯ દિવસ દરમિયાન સાયકલ રેલી તેમજ સ્વાસ્થ્ય સંબંધિત જાગૃતતા ફેલાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ જીલ્લાના યુવા અને રમત-ગમત અધિકારીશ્રી પ્રિતેશકુમાર ઝવેરીએ જણાવ્યું હતું કે, ભારત વર્તમાન વર્ષમાં G20ની અધ્યક્ષતા કરી રહ્યું છે. જે અંતર્ગત રાષ્ટ્રસ્તરે મિશન લાઈફ (લાઈફ સ્ટાઈલ ફોર એન્વાયર્મેન્ટ) કાર્યક્રમ અભિયાન સ્વરૂપે ચલાવવામાં આવી રહ્યો છે. આ અનુસંધાનમાં નેહરુ યુવા કેન્દ્ર, અમદાવાદ દ્વારા ૧૮ મે થી ૫ જુન – વિશ્વ પર્યાવરણ દિવસ સુધી વૃક્ષારોપણ, ગોષ્ઠી કાર્યક્રમ, યોગ, સાયકલ રેલી, જ્ઞાનવર્ધક સ્પર્ધાઓ સહિતની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિઓમાં જીલ્લાના યુવા-યુવતી મંડળો, રાષ્ટ્રીય યુવા સ્વયંસેવકો તેમજ અન્ય સ્વાયત્ત સંસ્થાઓ તેમજ જીલ્લા તથા સ્થાનિક તંત્રના સહયોગથી કરવામાં આવી છે. આ સમગ્ર આયોજનના ભાગરૂપે વિશ્વ સાયકલ દિવસે પણ અમદાવાદ રીવર ફ્રન્ટ પર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ આરોગ્ય વિભાગના સહયોગથી નહેરુ યુવા કેન્દ્રના સ્વયંસેવકો દ્વારા સાયકલ રેલીનું આયોજન કરી જનતાને જાગૃત કરવાનો પ્રયાસ કર્યો હતો. આવી પ્રવૃત્તિઓ વિશે યુવાનો ભારત સરકારના યુવા પોર્ટલ પર જઈને માહિતી પ્રાપ્ત કરી શકે છે. તેમજ 'મેરી લાઈફ' પોર્ટલ પર જઈને મિશન લાઈફ અભિયાન સાથે જોડવા માટે પણ નોંધણી કરાવી શકે છે.

# ગ્લોબલ વોર્મિંગની સમસ્યા સામે લડવા સૌએ વૃક્ષારોપણને સામાજિક મુહિમ બનાવવી પડશે -આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ

## આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલના હસ્તે દરિયાકાંઠાના વિસ્તારમાં મેન્ગ્રુવના રોપાઓનું વાવેતર કરાયું





કમલમ્ ન્યુઝ,બીના પટેલ
પર્યાવરણને બચાવવા માટે વધુમાં વધુ વૃક્ષો વાવીને તેને ઉછેરવાના સંકલ્પ સાથે સમગ્ર રાજ્યમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર રાજ્યની સાથે આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના વડગામ ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ અને આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને MISHTI અંતર્ગત મેન્ગ્રુવના વાવેતરનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વ પ્લાસ્ટિકના પ્રદૂષણથી ત્રસ્ત થઈ રહ્યું છે ત્યારે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિના પરિણામે ભારત સમગ્ર વિશ્વમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ લગાવનાર પ્રથમ દેશ બન્યો છે. દરિયાની ખરાશથી દરિયાકાંઠાની સારી જમીનને નુકસાન ન થાય તે માટે ભારતના ઈતિહાસમાં સૌપ્રથમવાર વર્ષ ૨૦૨૩-૨૪ ના બજેટમાં મેન્ગ્રુવના વાવેતર માટે ખાસ બજેટની ફાળવણી કરવામાં આવી છે તેમ જણાવી મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, આજે ગ્લોબલ વોર્મિંગ સમગ્ર વિશ્વ માટે ખૂબ મોટી સમસ્યા બની ચુકી છે. પ્રકૃતિની સાથે સાથે માનવ જીવન બચાવવા માટે પર્યાવરણની જાળવણી કરવી ખૂબ જરૂરી બની છે તેવા સમયે આપણે સૌએ વૃક્ષારોપણને સામાજિક મુહિમ બનાવવી પડશે.



મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિમાં વૃક્ષોનું પણ પૂજન કરવામાં આવે છે. વસુધૈવ કુટુંબકમ્ નીભાવનાને અપનાવનાર ભારત આજે પર્યાવરણને બચાવવામાં પણ વૈશ્વિક આગેવાની કરી રહ્યું છે. સામાજિક વનીકરણ વર્તુળ, અમદાવાદના વન સંરક્ષક શ્રી રાજ સંદીપ એ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ભારત સરકાર દ્વારા મિશન લાઈફ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે અંતર્ગત ૧૨ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોના દરિયાકાંઠાના વિસ્તારોમાં MISHTI કાર્યક્રમ અંતર્ગત મેન્ગ્રુવનું વાવેતર કરવામાં આવી રહ્યું છે. કાર્યક્રમની શરૂઆતમાં મદદનીશ વન સંરક્ષક શ્રી ભરતભાઈ ડાભી સ્વાગત પ્રવચન કર્યું હતું, જ્યારે કાર્યક્રમના અંતે જીઓલોજી વિભાગના ઈશ્વરભાઈ દેસાઈએ ઉપસ્થિતોને પર્યાવરણ બચાવવા અંગેના શપથ લેવડાવી આભાર વિધિ કરી હતી. આ તકે મંત્રીશ્રી અને ઉપસ્થિત મહાનુભાવો એ દરિયાકાંઠાના વિસ્તારમાં મેન્ગ્રુવના રોપાઓનું વાવેતર કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી ડી.એસ.ગઢવી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી મિલિંદ બાપના, પ્રાંત અધિકારી શ્રી નિરૂપા ગઢવી, ધારાસભ્ય શ્રી ચિરાગભાઈ પટેલ, અગ્રણીશ્રી મયુરભાઈ રાવળ, મયુરભાઈ સુથાર, વન વિભાગના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સંપર્કથી સમર્થન અભિયાન અંતર્ગત શહેર ભાજપ દ્વારા ધાર્મિક અગ્રણીશ્રીઓની મુલાકાત કરવામાં આવી







કમલમ્ ન્યુઝ,
ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની દેશના વિકાસ અને સુરક્ષાને સુનિશ્ચિત કરતી કેન્દ્ર સરકારના ૯ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલના માર્ગદર્શન હેઠળ રાજયભરમાં ચાલી રહેલા સંપર્કથી સમર્થન અભિયાન અન્વયે ધારાસભ્ય રીટાબેન પટેલ, શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, મહામંત્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ બ્રહ્માકુમારી સંસ્થાના કૈલાશ દીદીની તેમજ સ્વામિનારાયણ મંદિર, સે.૨ ખાતે સંતોની મુલાકાત કરી હતી. આ ઉપરાંત ધારાસભ્ય રીટાબેન પટેલે ગોગા મહારાજ ધામ ઉનાવા ધામ ખાતે સકરાબાપાની મુલાકાત કરી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રધાનમંત્રીકાળ દરમિયાન થયેલા કાર્યો અંગે ચર્ચા કરી હતી.

# આણંદ જિલ્લા માનવાધિકાર એવમ મહિલા બાળ વિકાસ સંગઠન દ્વારા પર્યાવરણ દિવસ ઉજવાયો





કમલમ્ ન્યુઝ,બીના પટેલ
રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીલેશભાઈ જોશી ના માર્ગદર્શન હેઠળ આજે પર્યાવરણ દિવસે માનવાધિકાર એવમ મહિલા બાળ વિકાસ સંગઠન ના આણંદ જિલ્લા પ્રમુખ કેવલભાઈ પંડ્યા એ વૃક્ષારોપણ ના એક ખુબ સુંદર કાર્યક્રમ નું આયોજન કર્યું હતું.જેમાં આણંદ નગરપાલિકા ના મ્યુનસિપલ કાઉન્સિલર શ્રી જૈમેન્દ્ર ભાઈ પટેલ ની ઉપસ્થિતિ માં આણંદ શહેર માં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.માનવાધિકાર એવમ મહિલા બાળ વિકાસ સંગઠન ના રાષ્ટ્રીય મંત્રી બીનાબેન પટેલ પણ આ કાર્યક્રમ માં સહયોગી બન્યા હતા. આણંદ જિલ્લા પ્રમુખ કેવલ ભાઈ એ પુષ્પગુચ્છ થી જૈમેન્દ્ર ભાઈ પટેલ અને બીનાબેન પટેલ નું સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમ માં માનવાધિકાર એવમ મહિલા બાળ વિકાસ સંગઠન ની આણંદ ટીમ ના જિલ્લા પ્રમુખ કેવલભાઈ પંડ્યા, સામરખા પ્રમુખ તૃશિતભાઈ પટેલ, સારસા શહેર પ્રમુખ ધવલભાઈ શાહ, ડભાસી પ્રમુખ પિયુષભાઈ પટેલ, તેજસભાઈ ઠક્કર, જગદીશ ભાઈ પ્રજાપતિ.. આ સેવા કાર્ય માં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ ના અંતે જૈમેન્દ્ર ભાઈ તથા રાષ્ટ્રીય મંત્રી બીના બેને વૃક્ષો આપણા જીવન માં કેટલું મહત્વ ધરાવે છે અને ફક્ત આજ ના દિવસ પૂરતું નહિ પણ હમેશાં વૃક્ષારોપણ થવું જ જોઈએ એ સમજાવ્યું હતું.

# મુંદ્રાના નવીનાળ ઢુવા ખાતે MISHTI પ્રોજેક્ટઅંતર્ગત જિલ્લાકક્ષાના વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી ચેરના વૃક્ષોને વાવીને કરાઈ

## ચક્રવાત, સુનામી વખતે ચેરના વૃક્ષો કિનારાના રક્ષક તરીકે ઢાલની ગરજ સારે છે

### વન વિભાગ દ્વારા તૈયાર કરાયેલા અને લોકોને ચેરનું મહત્વ સમજાવતા રથને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવતા મહાનુભાવોશ્રીઓ



કમલમ્ ન્યુઝ,ભુજ,
કચ્છ જિલ્લાના મુંદ્રા તાલુકાના નવીનાળ ઢુવા ખાતે ભારત સરકારના મિસ્ટી (MISHTI: Mangrove Initiative for Shoreline Habitats & Tangible Incomes) પ્રોગ્રામ અંતર્ગત ચેરના રોપાઓનું વાવેતર કરીને કચ્છ પૂર્વ વન વિભાગ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, દેશમાં ૭૫ સ્થળોની પસંદગી કરીને મિસ્ટી પ્રોગ્રામ અંતર્ગત સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. જેનો મુખ્ય ઉદેશ્ય ચેરના વૃક્ષોના સંવર્ધન, વાવેતર સાથે સ્થાનિક લોકોને રોજગારી પુરી પાડવાનો છે. કચ્છ પૂર્વ વનવિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સૌ ઉપસ્થિતોએ વડાપ્રધાનશ્રીના વિશ્વ પર્યાવરણ દિવસના સંબોધનને નિહાળીને પર્યાવરણની રક્ષા માટેના શપથ લીધા હતા. આ કાર્યક્રમમાં નાયબ વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ શ્રી હરેશ મકવાણાએ જણાવ્યું હતું કે, આપણે પર્યાવરણની ચિંતા કરવી પડશે તો જ આગામી નવી પેઢીને વારસામાં સુંદર પૃથ્વીનું સ્વચ્છ વાતાવરણ આપી શકીશું. મોટાપાયે લોકો વૃક્ષોનું વાવેતર કરે અને મેગા પ્લાન્ટેશન જેવા કાર્યક્રમો થકી જ પર્યાવરણ સંવર્ધન થઈ શકશે. શ્રી મકવાણાએ વધુમાં ઉમેર્યું હતું કે, લોકોને પર્યાવરણનું મહત્વ સમજાવીને જાગૃત બનાવવા સરકાર સતત પ્રયત્નશીલ છે. પ્રકૃતિએ માનવીને મળેલી એક અમૂલ્ય ભેટ છે. વર્ષોની મહેનત બાદ વનોને ઊભા કરી શકાય છે. તેઓએ સિંગલ યૂઝ પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં કરવા સૌને અનુરોધ કર્યો હતો. મુંદ્રા પ્રાંત અધિકારીશ્રી ચેતન મિસણે મિસ્ટી પ્રોજેક્ટ વિશે વિસ્તૃત માહિતી આપીને જણાવ્યું હતું કે, રાજ્ય અને કેન્દ્ર સરકાર અવનવા પ્રકલ્પોના માધ્યમથી પર્યાવરણની ચિંતા કરી રહી છે. અનેક યોજનાઓનું બજેટમાં પ્રાવધાન કરીને તેનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને તેઓએ ગુજરાતના કોસ્ટલ વિસ્તારમાં ચેરના વૃક્ષોના સંવર્ધન માટે વન વિભાગની પ્રતિબદ્ધતાને બિરદાવીને અભિનંદન આપ્યા હતા. તેઓએ વધુમાં ઉમેર્યું હતું કે, દુનિયા સહિત ભારતના અમુક વિસ્તારોમાં જ ચેરના જંગલો આવેલા છે. આ ચેરના જંગલો અમૂલ્ય સંપત્તિ છે અને તેના લીધે સ્થાનિકોને રોજગારી પણ મળી રહે છે. સ્વાગત પ્રવચન કરતાં કચ્છ પૂર્વ નાયબ વન સંરક્ષકશ્રી ગોવિંદ સરવૈયાએ જણાવ્યું હતું કે, કચ્છમાં મોટાપાયે ચેરના વૃક્ષો આવેલા છે. આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે દેશના કુલ ૭૫ સ્થળોની પસંદગી કરાઈ છે જેમાં ૦૪ સ્થળો કચ્છ જિલ્લાના છે. સરકારે ચેરના વૃક્ષોના સંવર્ધન માટે પાંચ વર્ષ માટે મિસ્ટી પ્રોજેક્ટને અમલમાં મૂક્યો છે. ચેરનું પર્યાવરણીય મહત્વ અનેકગણું છે. તેઓએ ચેરના વૃક્ષોની અગત્યતા વિશે સૌને માહિતગાર કરાવતા જણાવ્યું હતું કે, ચેર જમીન અને સમુદ્ર વચ્ચે બફર ઝોન તરીકે કાર્ય કરે છે. જેના લીધે ઉપજાઉ જમીનનું ધોવાણ અટકે છે. આ ઉપરાંત, કુદરતી આફતો જેવી કે. ચક્રવાત, સુનામી વખતે ચેરના વૃક્ષો કિનારાના રક્ષક તરીકે ઢાલની ગરજ સારે છે. ચેરના વૃક્ષોના લીધે અનેક પ્રકારના દરિયાઈપ્રાણીઓમાટેઆશ્રયસ્થાન ઊભું થાય છે. સૌથી મહત્વનું કે ચેરના વૃક્ષો કાર્બન શોષકનો ગુણ ધરાવતા હોય પર્યાવરણ માટે ખૂબ જ જરૂરી બની જાય છે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા ચેરના વૃક્ષોના સંવર્ધન અને વિકાસ માટે મિસ્ટી પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવ્યો છે. આ પ્રસંગે સ્કૂલના બાળકો, ઔદ્યોગિક સંસ્થાઓના પ્રતિનિધિશ્રીઓનીસાથેઅધિકારીશ્રીઓએ ચેરના છોડનું વાવેતર પણ કર્યું હતું. તટીય વિસ્તારમાં ચેરનું મહત્વ સમજીને લોકો તેની જાળવણીમાં ભાગીદાર બને તે માટે વન વિભાગ દ્વારા એક વિસ્તૃત માહિતી આપતો રથ પણ તૈયાર કરવામાં આવ્યો છે. જેને સૌ મહાનુભાવોએ નવીનાળ ઢુવા ખાતેથી લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યો હતો. આ પ્રસંગે મુંદ્રા મામલતદારશ્રી વી.એ.પટેલ, તાલુકા વિકાસ અધિકારીશ્રી એ.આર.ત્રિવેદી, નવીનાળ ગામના સરપંચશ્રી ગજેન્દ્રસિંહ જાડેજા, મરીન કમાન્ડો યુનિટના પ્રતિનિધિશ્રીઓ, સ્કૂલના બાળકો તેમજ ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિશ્રીઓ, વન વિભાગના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વ પર્યાવરણ દિવસ : પ્રકૃતિનું જતન અને પર્યાવરણની જાળવણી,દરેક નાગરિકની ફરજ

## પાવાગઢના સાંનિધ્યમાં મંત્રીશ્રી બચુભાઈ ખાબડની અધ્યક્ષતામાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ

### દરેક વ્યક્તિ પાંચ વૃક્ષો ઉછેરીને તેનું સંવર્ધન કરે,સરકારશ્રીના પ્રયત્નોથી રાજ્યમાં 33 ટકા વન વિસ્તાર ફેલાવવા તરફ આગેકૂચ-મંત્રીશ્રી બચુભાઈ ખાબડ




કમલમ્ ન્યુઝ,રાવ વિજેન્દ્ર યાદવ
પંચમહાલ જિલ્લાના યાત્રાધામ પાવાગઢ ખાતે રાજયના પંચાયત અને કૃષિમંત્રીશ્રી બચુભાઈ ખાબડની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાના વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રીશ્રીના હસ્તે પાવાગઢ તળેટી ખાતે સ્થિત શ્વેતાંબર જૈન મંદિર ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત શાળાની બાળાઓ દ્વારા પ્રાર્થના ગીત, સ્વાગત અને દીપ પ્રાગટય થકી કરાઈ હતી.આ પ્રસંગે મિશન લાઈફની સામૂહિક ગતિશીલતા કાર્યક્રમની પણ ઉજવણી કરાઈ હતી. આ તકે મંત્રીશ્રી બચુભાઈ ખાબડે પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગ સમસ્યાનો સામનો કરી રહ્યુ છે અને ઋતુઓમાં પણ બદલાવ આવ્યો છે ત્યારે આપણે સૌ કોઈ સાથે મળીને પર્યાવરણ અને વૃક્ષોનું જતન અને સંવર્ધન કરીએ. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતના તત્કાલીન મુખ્ય મંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના પર્યાવરણ અંગેના દૂરદંશી વિચારો અને નક્કર પગલાંને પરિણામે ગુજરાતમાં સૌપ્રથમ સોલારપાર્કની સ્થાપના કરાઈ હતી.આજે સરકારશ્રીના અથાગ પ્રયત્નોથી ગુજરાતમાં ધાર્મિક સ્થળો સહિત ૭૦થી પણ વધુ વનો તૈયાર કરીને પર્યાવરણના જતન તરફ આગળ વધી રહ્યા છીએ. વનનીતિ અનુસાર ગુજરાત ૩૩% વનવિસ્તાર તરફ આગળ વધી રહ્યું છે. તેમણે પર્યાવરણને લઈને વન વિભાગની કામગીરીને બિરદાવી હતી. મંત્રીશ્રીએ દરેક વ્યક્તિને પાંચ વૃક્ષો વાવવા અને તેનું સંવર્ધન કરવા હાકલ કરી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને પર્યાવરણનું જતન કરવા માટે સામૂહિક શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા.આ તકે ઉપસ્થિતોએ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના અંબાજીથી રાજયકક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.મંત્રીશ્રી અને વિવિધ મહાનુભાવો દ્વારા પાવાગઢ શ્વેતાંબર જૈન દેરાસર ખાતે વૃક્ષારોપણ કર્યું હતું અને વૃક્ષ રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે નાયબ વન સંરક્ષકશ્રી એમ.ડી.જાની દ્વારા મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત અને આર.એફ.ઓ હાલોલ નિધિબેન દ્વારા આભારવિધિ રજૂ કરાઈ હતી. પાવાગઢ ખાતે આયોજિત કાર્યક્રમમાં પ્રાકૃતિક યુનિવર્સિટીના વાઈસ ચાન્સલરશ્રી ટીંબાડીયા,જિલ્લા પંચાયત પ્રમુખ કુ.કામિનીબેન સોલંકી,હાલોલ ધારાસભ્ય શ્રી જયદ્રથસિંહ પરમાર,અધિક અગ્ર વન સંરક્ષકશ્રી જય પાલસિંહ,જિલ્લા કલેકટર શ્રી આશિષકુમાર,ગોધરા નાયબ વન સંરક્ષકશ્રી મીણા,પ્રાંત અધિકારીશ્રી,હાલોલ સહિત મોટી સંખ્યામાં વનવિભાગના અધિકારીઓ/કર્મચારીઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ગોયાણી પરીવાર (રળીયાણા) દ્ગારા પાંચમો સ્નેહમિલન સમારોહ યોજાયો




કમલમ્ ન્યુઝ,
ગોયાણી પરિવાર (રળિયાણા) દ્ગારા પાંચમો સ્નેહમિલન સમારોહ તા. ૦૪-૦૬-૨૦૨૩ના રોજ જ્ઞાનબાગ, કતારગામ ખાતે યોજાયો હતો. સમારોહમાં ડૉ. રીતેષ શાહ (ચાઈલ્ડ ન્યુરો ફીઝીશયન તેમજ સહ સંઘ સચાલક, સુરત મહાનગર) તેમજ શ્રી સંજયભાઈ ડુંગરાણી (ચિલ્ડ્રન યુનિવર્સિટી, સિન્ડિકેટ મેમબર) તેમજ શ્રી અભિનભાઈ કળથીયા (પ્રમુખશ્રી, સરદારધામ યુવા સંગઠન, ગુજરાત) ઉપસ્થિત રહયા હતા. સમારોહની શરૂઆત શ્રી સંજયભાઈ ડુંગરાણીએ હનુમાનચાલીસાથી કરી હતી. તેમજ ડૉ. રીતેષ શાહે જીવનમાં મોબાઈલ કે મોબાઈલમાં જીવન વિષે પ્રાસંગિક ઉદબોધન કરી બાળકોને કેટલા વર્ષા પછી મોબાઈલ આપવા , મોબાઈલ વપરાશના ફાયદા અને નુકશાનની સમજ આપી હતી. જયારેશ્રી અભિનભાઈ કળથીયાએ સરદારધામની વિસ્તૃત માહિતી આપી હતી. પાંચમો સ્નેહમિલન સમારોહમાં સ્નેહમિલનના દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ. આ સમગ્ર સમારોહનું સંચાલન ડૉ. મુકેશ આર. ગોયાણી, બાબુભાઈ સી. ગોયાણી તેમજ દાતાશ્રીઓ દ્ગારા કરવામાં આવ્યુ હતું

# અરવલ્લી જિલ્લાના મોડાસા રૂરલ પોલીસ અને ૧૮૧ અભયમ ટીમ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી



કમલમ્ ન્યુઝ,ધાર્મિક ભટ્ટ
પર્યાવરણની જાળવણી એ આપણી નૈતિકફરજ છે.આધુનિકતા તરફ આગળ વધી રહેલી દુનિયામાં, વિકાસના પંથે આપણે એવી ઘણી વસ્તુઓનો ઉપયોગ શરૂ કર્યો છે, જે પૃથ્વી અને પર્યાવરણ માટે ઘાતક છે. માનવી અને પર્યાવરણ વચ્ચે ઊંડો સંબંધ છે. પ્રકૃતિ વિના જીવન શક્ય નથી.સુખી અને સ્વસ્થ જીવન માટે પ્રકૃતિનું રક્ષણ અને પર્યાવરણનું રક્ષણ જરૂરી છે. આ હેતુ માટે દર વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવે છે. લોકોને પર્યાવરણ વિશે જાગૃત કરવામાં આવે છે અને પર્યાવરણની જાળવણી માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવણી અંતર્ગત મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઇ તેમજ પોલીસ કર્મીઓ અને ૧૮૧ અભયમ ટીમના કાઉન્સિલર ચેતનાબેન ચૌધરી અને તેમની ટીમ તેમજ મહિલા સહાયતા કેન્દ્રના કાઉન્સિલર દ્વારા વિવિધ વૃક્ષો વાવી વૃક્ષારોપણ કર્યું હતું.તેમજ પોલીસ સ્ટેશન હરિયાળું બનાવવા સંકલ્પ કર્યો હતો.

